# ડીસાના કવન જયસ્વાલની ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સ્પોર્ટસ બોર્ડમાં પસંદગી

## કવન જયસ્વાલની વરણીને વ્યાપક આવકાર

ડીસા, તા. ૧૨

ડીસાના પ્રતિભાશાળી ક્રિકેટર કવન જયસ્વાલને આ વર્ષે પાટણ સ્થિત હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ.ના બોર્ડ ઓફ સ્પોર્ટસમાં સભ્ય તરીકે સ્થાન અપાયું છે. ઉત્તર



ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં રમત-ગમતના વિકાસ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓને મજબુત પ્લેટફોર્મ પુરૂ પાડવા માટે સક્રિય જહેમત ઉઠાવતા ઉ.ગુ. યુનિ.ના બોર્ડ ઓફ સ્પોર્ટસમાં સભ્ય તરીકે પાલનપુરની આર.આર. મહેતા કોલેજ ઓફ સાયન્સ અને સી.એલ. પરીખ કોલેજ ઓફ કોમર્સના વિદ્યાર્થી તેમજ ડીસાના પ્રતિભાશાળી ક્રિકેટર કવન તપનકુમાર જયસ્વાલની વરણી કરાતાં આ નિમણુંકને વ્યાપક આવકાર સાંપડ્યો છે.

ઉલ્લેખનીય છે કે ક્રિકેટ ક્ષેત્રે ગુજરાત સ્ટેટ ઉપરાંત ઈન્ટર યુનિ. તેમજ ઈન્ડિયન ફેડરેશન ઓફ સ્પોર્ટસના સભ્ય તરીકે પસંદગી કરાતા પાલનપુર સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં પણ આનંદની લાગણી ફેલાઈ છે અને કોલેજના પ્રિન્સીપાલ ડૉ. વાય.બી. ડબગર, સ્પોર્ટસ કન્વીનર પ્રા. ડી.એન. પટેલ તેમજ શારિરીક શિક્ષણના વ્યાખ્યાતા રાહુલભાઈ ડેરીયા સહિત સમગ્ર કોલેજ પરિવારે આ નિર્ણયને આવકારી કવન જયસ્વાલનો અભિનંદન પાઠવ્યા છે.

ઉલ્લેખનીય છે કે કવન જયસ્વાલ તપનભાઈ જયસ્વાલનો સુપુત્ર છે જેને સમગ્ર પરિવાર આવકારે છે.



## અંબાજીમાં અંબાનો પ્રાગટ્ય દિવસ ઉજવાયો

આજે પોષ સુદ પુનમને મા અંબાનો પ્રાગટ્ય દિવસ તરીકે મનાવવમાં આવે છે. જેને લઈ યાત્રાધામ અંબાજીએ મા અંબાનો મુળ સ્થાનક હોઈ આજે વહેલી સવારથી જ અંબાજી મંદિરમાં ભક્તોની ભારે ભીડ ઉમટી હતી. જ્યારે આજના મા અંબાના પ્રાગટ્ય મહોત્સવ ને ધાર્મીક ઉત્સવ સેવા સમીતી અંબાજી દ્વારા ખુબ જ ધામધૂમથી ઉજવવામાં આવે છે. આજે મા અંબાની વિશાળ શોભાયાત્રા શક્તિદ્વારથી પ્રસ્થાન કરાવવામાં આવી હતી. જેમાં સાસ્કૃતિક કાર્યક્રમ સહીત વિવિધ સાસ્કૃતિક કૃતીઓને ટેબ્લો આ શોભાયાત્રામાં સામેલ કરાયાં હતા. જ્યારે અમદાવાદથી આવેલા અખાડા કંપનીઓએ પણ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. અંબાજી ખાતે નિકળતી શોભાયાત્રા ૨૪ વર્ષ પહેલાં ૧ કિલો સુખડીનું પ્રસાદ વિતરણ કરી શોભાયાત્રા નિકળતી હતી જ્યારે આજે ૨૧૦૦ કિલો સુખડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવ્યુ હતુ ને આ શોભાયાત્રામાં સંતો મહંતો સહીત ગબ્બરથી લાવવામાં આવેલી અખંડ જ્યોતને પણ સામેલ કરવામાં આવી હતી. જયારે પુરૂષો સહીત મહિલાઓ દ્વારા ખુલ્લી તલવારબાજી કરતા જોવા મળી હતી.

# દહેગામ પોલીસે કરોલી ગામના ખેતરમાં દરોડો પાડી દારૂનો જથ્થો પકડ્યો

## ખેતરમાંથી ૮૯ પેટી વિદેશી દારૂનો જથ્થો મળ્યો : ચિલોડા પોલીસે દારૂની પેટીઓ ભરેલી એકસયુવી ગાડી પકડી

ગાંધીનગર જિલ્લા પોલીસ વાયબ્રન્ટ સમિટના બંદોબસ્તમાં ભયંકર વ્યસ્ત છે. જો કે પ્રધાનમંત્રી સહીત વીવીઆઈપી મહાનુભાવોએ ગાંધીનગર છોડયા બાદ થોડી રાહતનો દમ પોલીસે લીધો છે. સમય મળતા જ દહેગામ પોલીસે બાતમી આધારે કરોલી ગામના ખેતરમાં દરોડો પાડી ૮૯ પેટી દારૂ પકડી પડયો જયારે ચિલોડા પોલીસે એકસયુવી ગાડી પકડીને દારૂ-બિયરના જથ્થા સાથે બે શખ્સોને દબોચી લીધા છે.



દહેગામ પીએસઆઈ પી.જે. સોલંકી તથા તેમની ટીમે બાતમીને આધારે આજે સમી સાંજે કરોલી ગામની સીમમાં ભઠ્ઠાવાળાના નામે ઓળખાતા ખેતરમાં દરોડો પાડયો હતો. ખેતરમાં સંતાડેલો વિદેશી દારૂનો મસ મોટો જથ્થો અને દારૂની હેરાફેરી કરવા વપરાતી રીક્ષા મળી આવી હતી. પાર્ટી સ્પેશ્યલની ૬૨ પેટી, રોયલ સ્ટેગની ૧૩ પેટી અને મેક ડોવેલ્સની ૧૪ પેટી મળીને પોલીસે રૂ. ૩,૫૨,૮૦૦ની કિંમતની ૮૯ પેટી (૧૦૬૮ બોટલ) વિદેશી દારૂનો જથ્થો તથા રીક્ષા મળી કુલ રૂ. ૩,૮૨,૮૦૦ની કિંમતનો મુદ્દામાલ જપ્ત કરી કાયદેસરની કાર્યવાહી કરી છે. આ મુદ્દામાલ કોનો છે તે સહિતની તપાસ શરુ કરવામાં આવી છે. તો બીજી તરફ ચિલોડા પી.આઈ. એલ.ડી. વાઘેલા તથા તેમની ટીમે બાતમીના આધારે ચિલોડા સર્કલ પાસેથી એકસયુવી ગાડી પકડી પાડી હતી. ૩૦૦ નંગ વિદશી દારૂની બોટલો તથા ૧૯૨ નંગ બિયરના ટીન મળી કુલ રૂ. ૧,૦૯,૨૦૦નો દારૂ-બિયર તથા એકસયુવી ગાડી મળી કુલ રૂ. ૮.૧૦ લાખના મુદ્દામાલ સાથે વેજલપુરના અબઝલ અબ્દુલહફીઝ અંસારી અને જુહાપુરાના સાનુ સલીમ શેખ મળી બેની ધરપકડ કરી લઈ ઉંડી પુછપરછ શરુ કરી છે.



ચિલોડા સ્થિત સ્વામિનારાયણ પ્રાથમિક શાળા ખાતે ફનફેર યોજાયો હતો. જેમાં શાળાના બાળકોએ સ્વાદિષ્ટ વાનગીઓ બનાવી સ્ટોલોમાં તેનું વેચાણ કર્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય માનસિંહ ચૌધરી અને નિલેષ પટેલ સહિત શાળા પરિવારના સભ્યો હાજર રહ્યા હતા.

# વનશ્રી ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો અભિયાન પર સેમિનાર યોજાયો

ગાંધીનગર, તા.૧૨

વનશ્રી ટ્રસ્ટ દ્વારા ઉત્તરાયણ નિમિત્તે સરકારી પ્રાથમિક શાળામાં અંજના નિમાવત દ્વારા પક્ષી બચાવો અભિયાન અંતર્ગત સેમિનાર યોજાયો હતો.

જેમાં ઉપસ્થિત બાળકોને અંજનાબેન નિમાવત (વનશ્રી ટ્રસ્ટ)એ જણાવ્યું હતું કે ઉત્તરાયણ પર્વમાં સવારે અને સાંજે પતંગ ના ઉડાડવા, ચાઈનીઝ દોરીનો ઉપયોગ ના કરવો, જયારે ઈજાગ્રસ્ત પક્ષીને તાત્કાલીક કપડામાં લપેટીને સારવાર માટે યોગ્ય સ્થાને લઈ જવા જોઈએ. પક્ષીને હળદર કે દવા વારંવાર લગાવી હેરાન ન કરવા, દાણા-પાણી ખોરાક ન આપવો, આપને શહેરના સેકટરોમાં ઈજા પામેલ પક્ષી નજરે પડે તો પક્ષી બચાવો સંસ્થાને કોલ કરવો, પક્ષીના પાંખમાં દોરી ફસાયેલી હોય તો તેને ખેંચી ન કાઢવા સહિતની માહિતી પુરી પાડી હતી.

# વિધાનસભામાં સ્વામી વિવેકાનંદના તૈલીચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૧૨

'યુવાનો જાગો, ઉઠો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડયા રહો' તેવું યુવાનોને પ્રરેણાદાયી સૂત્ર આપનાર સ્વામી વિવેકાનંદની ૧૫૫મી જન્મજયંતિ નિમિત્તે ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી રમણલાલ વોરાએ



વિધાનસભાના પોડિયમ હોલમાં આવેલા તેમના તૈલીચિત્રને પુષ્પાજંલિ અર્પણ કરી હતી. આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ શ્રી શંભુજી ઠાકોર, પાણી પુરવઠા રાજય મંત્રી શ્રી જશાભાઈ બારડ સહિત મોટી સંખ્યામાં વિવિધ શાળાના વિદ્યાર્થીઓ, નગરજનો અને વિધાનસભાના અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

# સાબરકાંઠા જિલ્લામાં ત્રણ અકસ્માતના બનાવમાં ચારના મોત

સાબરકાંઠા જીલ્લામાં બુધવારે રાત્રે અને ગુરુવારે સવારે ઈડર,પ્રાંતિજ અને હિમતનગર એમ ત્રણ તાલુકામાં ત્રણ અલગ અલગ સર્જાયેલ અકસ્માતમાં ચાર જણાના મોત નીપજ્યા હતા આ અંગે પોલીસ સ્ટેશને ફરિયાદ નોધાઈ હતી.

આ અંગેની વિગત એવી છે કે હિમતનગર શહેરના મોતીપુરા સર્કલ પાસે ગુરુવારે સવારે ૫.૩૦ વાગેના સુમારે મૂળ રાજસ્થાનના ભીલવાડાના રહેવાસી અને હાલ હૈદરાબાદ રહેતા મુકેશકુમાર કનકમલ જૈન (બાફના)-ઉ.વ.-૫૨ તેમની માતૃશ્રી ભવરદેવી મૃત્યુ પામ્યા હતા જેમની ૧૨ ની વિધિ પૂર્ણ કરી ભીલવાડા થી હિમતનગર લગઝરીમાં બેસી આવ્યા હતા જે મોતીપુરા સર્કલ પાસે ઉતર્યા હતા અને રોડ સાઈડે ઉભા હતા દરમિયાન શામળાજી તરફથી આવતી ટ્રક સર્કલ પાસે પલટી ખાઈ ગઈ હતી.જે ટ્રક નીચે ,મુકેશકુમાર જૈન દબાઈ ગયા હતા અને તેમનું સ્થળ પર મોત નીપજ્યું હતા જે અંગે એ-ડીવીઝન પોલીસને જાણ કરતા પોલીસે સ્થળ પર આવી ટ્રક હટાવી લાશ બહાર કાઢી પોસ્ટમોર્ટમ માટે હિમતનગર સિવિલમાં ખસેડી હતી.આ અંગે તેમના સગાસંબધીને જાણ કરતા આવી ગયેલ જેમને



મુકેશકુમાર જૈનનો મૃતદેહ સોપ્યો હતો ઉપરાંત મુકેશકુમાર જૈન પાસેથી ૧ લાખ ૩૬ હજાર ૩૫૦ રોકડા પોલીસને મળી આવ્યા હતા જે મુકેશકુમાર જૈનના સગા ભાઈ શુશીલકુમાર જૈનને આપ્યા હતા.આ અંગે પોલીસે એ-ડીવીઝન પોલીસે મહેન્દ્રકુમાર માંગીલાલ શાહની ફરિયાદ આધારે ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો નોધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.તો બીજી અકસ્માતનો બનાવ બુધવારે મધરાત બાદ રાત્રે ૧૨.૩૦ વાગે ઈડરના દરામલી પાસે બન્યો હતો જેમાં બે કાર સામસામે ટકરાતા હુન્ડાઈ કારમાં સવાર હિમતનગરના મેમન કોલોનીમાં રહેતા મોહમદઝુબેર યાકૂફભાઈ મેમન-ઉ.વ.-૨૯નું ગંભીર ઈજાને કારણે ઘટના સ્થળે મોત નીપજ્યું હતું જે અંગે જાદર પોલીસને જાણ થતા સ્થળ પર આવી પહોચી હતી.

# પ્રાંતિજમાં ચાર્જમાં રહેલ ટીડીઓ દ્વારા ઉઘરાણીનો સીલસીલો યથાવત

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે તાલુકા પંચાયતમાં વિકાસ અધિકારીની જગ્યા છેલ્લાં કેટલાય મહિનાઓથી ખાલી પડેલ છે અને માત્ર સ્થાનિકને નિયમોને નેવે મુકી તાલુકાનો ચાર્જ આપવામાં આવ્યો છે ત્યારે સ્થાનિક ચાર્જમાં રહેલ ટીડીઓ એ.જી. પટેલ દ્વારા માત્ર ઉઘરાણા કર્યા સિવાય તાલુકાના વિકાસમાં રસ નથી અને જેની જવાબદારીછે તે તંત્ર હાલ તો હપ્તાની લાહ્યમાં પ્રેક્ષક બની બધું જાણતું હોવા છતાં ચુંપકી સાધીને બેઠું છે.

પ્રાંતિજ ખાતે આવેલ તાલુકા પંચાયતમાં હાલ ભષ્ટ્રાચાર સીમા પાર કરી દીધો છે ત્યારે ગામનાં વિકાસ માટે આવતી સરકારી ગ્રાન્ટો કે સરકારી કામો પાછળ વપરાતી રકમ તાલુકાનાં સરપંચોને લેવી હોય તો ચાર્જમાં રહેલ ટીડીઓને મોહ માંગ્યુ નિવેદ ચઢાવવું પડે છે નિવેદ ન થાય તો ગ્રાન્ટ પણ પાસ થતી નથી ત્યારે દિવાળી પહેલાંના સમયે સરપંચો, કોન્ટ્રાકટરો, ઈંટ ઉત્પાદકો વગેરે પાસેથી ઉઘરાણું કરનાર આ ટીડીઓનો મુદો ટોપ એન ટાઉન બન્યો છે. વર્ષમાં બે-થી-ત્રણ વાર ઉઘરાણું કરવામાં આવતાં તાલુકાની જનતા સહિત કોન્ટ્રાકટરોમાં રોષ જોવાં મળી રહ્યો છે. પાછાં બે ગામોમાં સરપંચો પાસે ઉઘરાણું કરવાની ચર્ચાએ જોર પકડયું છે. પ્રાંતિજ તાલુકાના બે ગામોનાં સરપંચોએ નામના આપવાની શરતે ટીડીઓ સામે લાલ આંખ કરી છે ટીડીઓ પાસેથી ગામના વિકાસ માટે આવેલ સરકારી ગ્રાન્ટ જોઈતી હોય તો તગડી રકમની માંગણી કરી છે. સરચપંચો હાલ તો ટીડીઓ દ્વારા માંગવામાં આવેલ રકમ સામે મંજુર ના થતા નામ ના આપવાની શરતે અખબારી સહારો લીધો છે.

## કાતિલ ઠંડી

● અનુસંધાન પહેલાનું ચાલુ

હાલમાં સુધારો થાય તેવી શક્યતા ઓછી દેખાઈ રહી છે. કોલ્ડવેવના કારણે લોકો બેહાલ છે. ઉત્તર ભારતમાં પણ તીવ્ર ઠંડી પડી રહી છે. રાજસ્થાન, હિમાચલ, પંજાબ અને હરિયાણાંમાં વિમાની સેવા અને ટ્રેન સેવા પર અસર થઈ છે. હિમાચલ પ્રદેશ, જમ્મુ કાશ્મીરના કેટલાક ભાગો અને ઉત્તરાખંડમાં હજુ હિમવર્ષા જારી રહી શકે છે. લોકો હિમવર્ષાના કારણે સાવધાન થયા છે. ૧૫મી સુધી વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે ત્યારે દિલ્હીમાં હજુ વધુ ઠંડી પડી શકે છે. ઠંડી અને ધુમ્મસના કારણે કેટલીક જગ્યાએ નાના મોટા અકસ્માતો પણ થયા છે. ધુમ્મસના કારણે કેટલીક ટ્રેનો મોડેથી દોડી રહી છે જેના કારણે સામાન્ય લોકોને અને ખાસ કરીને આગામી સ્થળ પર સમયસર પહોંચી જવાની યોજના બનાવી ચુકેલા લોકોને તકલીફ થઈ રહી છે.

## ગોળીબાર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પણ હતો. ગુસ્સામાં આવીને આ જવાને પોતાના સર્વિસ હથિયારથી અંધાધૂંધ ગોળીબાર કર્યો હતો. રિપોર્ટ મુજબ તે નબીનગર સ્થિત એનટીપીસીના પાવર સ્ટેશનમાં ફરજ બજાવી રહ્યો હતો. આ ઘટના એવા સમયે થઈ છે જ્યારે બીએસએફ અને સીઆઈઆરપીએફ જવાનોના વીડિયો વાયરલ થઈ રહ્યા છે. આ વીડિયોમાં પુરતી સુવિધા નહીં હોવાની વાત કરીને વડાપ્રધાન નરેન્દ્ર મોદી સીધી રીતે દરમિયાનગીરી કરે તેવી રજુઆત કરવામાં આવી રહી છે. કેન્દ્ર સરકાર પણ આ આરોપોને લઈને ગંભીર બનેલી છે. કેન્દ્ર સરકારે તપાસના આદેશ પણ આપ્યા છે. બીએસએફના જવાનની ફરિયાદ બાદ પીએમઓ જોરદાર એકશનમાં છે અને રીપોર્ટની માંગ કરવામાં આવી છે. બીએસએફ અને સીઆરપીએફના જવાનો દ્વારા સુવિધાઓની ખૂબ અછત હોવાની રજુઆત કરવામાં આવી છે. આ સુવિધામાં ભોજનની ગુણવત્તાને લઈને પણ પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા છે. આગામી દિવસોમાં આ મુદ્દો હજુ પણ વધુ ગરમી જગાવે તેવી શક્યતા છે.

બિહારમાં આજે બનેલી આ ઘટનાને લઈને રાજકીય પક્ષોએ પણ પ્રતિક્રિયાઓ આપી છે. આ અગાઉ પણ વીડિયો વાયરલ થયા બાદ સુવિધાઓને લઈને પ્રશ્નો ઉઠ્યા છે. સુવિધાઓને લઈને તપાસ કરવા સૂચના આપવામાં આવી હતી.

## આકર્ષણનું કેન્દ્ર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ડિવાઈસ કોઈપણ સ્ક્રીન સાથે જોડતા સીપીયુની જેમ કામ કરે છે. તે ઈનપુટ ડિવાઈસની જેમ કીબોર્ડ અને માઉસની ગરજ સારે છે. ૨૩ વર્ષનો વૈભવ પટેલ કંપનીનો સીએફઓ છે અને પ્રતિક પરમાર સ્થાપક સીઈઓ છે. જાણવા જેવું એ છે કે તેમની ટીમના અન્ય સભ્ય જીટીયુના છે. આ ટીમ ગામડાઓ સુધી કિફાયતી દામે કોમ્પ્યુટર્સ પહોંચાડવાને લઈને ઉત્સાહિત છે.

## ફુડકોર્ટ ખાલી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

થી વધુ ડાઈનિંગ હોલ બનાવ્યા છે જેને નદીઓના નામ સાથે જોડી દેવામાં આવ્યા છે. ફુડની ક્વોલિટી બાબતે પણ વિવિધ ફરિયાદો સામે આવી હતી.

મહાત્મા મંદિરમાં આ વાયબ્રન્ટ સમિટમાં સરકારનું પ્રચાર અને પ્રસારનું સાહિત્ય તેમજ અન્ય સ્ટેશનરીનો અભાવ વર્તાઈ આવતો હતો. સરકારના વિવિધ વિભાગો તેમજ બોર્ડ-કોર્પોરેશનની કામગીરીની બાબતોથી મહેમાનો વંચિત રહ્યાં હતા. અધિકારીઓની વારંવાર ડ્યુટી બદલાતાં તેઓ સતત દોડતા રહ્યા હતા.

## ગુણોત્સવ માટે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આ ગુણોત્સવ દરમ્યાન વાંચન લેખન અને ગણનની કસોટી દ્વારા મુલ્યાંકન કરવામાં આવનાર છે. રાજ્ય સરકાર દ્વારા આ સાતમો ગુણોત્સવ યોજાઈ રહ્યો છે.

એક બેન્ચ પર બે વિદ્યાર્થીઓને બેસાડી અને આ મૂલ્યાંકન કરાશે. દરેક વર્ગમાં ધો. ૬ થી ૮ના બાળકો બેસશે. એક જ ધોરણના બે વિદ્યાર્થીઓ પણ પાસે આવી ના જાય તેની ખાસ કાળજી ગુણોત્સવમાં લેવામાં આવશે.

ગુણોત્સવના મૂલ્યાંકન માટે શિક્ષણ વિભાગે ૬૪ પાનાની ખાસ માર્ગદર્શિકા બુક તૈયાર કરી છે. તેમાં મૂલ્યાંકન કઈ કઈ બાબતોનું અને કેટલુ મૂલ્યાંકન કરવુ તેની ખાસ સૂચનાઓ આપી છે.

## પૈસા વિના

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેન વલ્લભાઈ પટેલે જણાંવ્યુ હતુ. સર્વ વિદ્યાલય કેળવણી મંડળન પુર્વ પ્રમુખ સ્વ માણેકલાલ પટેલની પાંચમી પુણ્યતિથિએ આજે સંસ્થાના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ વિતરણ કાર્યક્રમ દરમિયાન સંસ્થામાં અભ્યાસ કરતા ૧૩૭૧ વિદ્યાર્થીઓને રૂ ૧.૩૨ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી.

સે-૨૩ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા આજે સંસ્થાના પુર્વ ચેરમેન સ્વ માણેકલાલ પટેલની પાંચમી પુણ્યતિથિ નિમિત્તે વિદ્યાર્થીઓને સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. સે-૨૩ કડી કેમ્પસમાં વિવિધ ફેકલ્ટીમાં અભ્યાસ કરતા ૧૩૭૧ વિદ્યાર્થીઓને ૧.૩૨ કરોડની સ્કોલરશીપ એનાયત કરવામાં આવી હતી. આ તબક્કે કડી સર્વ વિદ્યાલયના ચેરમેન સરદાર વલ્લભાઈ પટેલે જણાંવ્યુ હતુ કે સંસ્થાના સ્થાપક છગન ભા એ સમાજને શિક્ષિત બનાવવા માટે ગામેગામ ભીખ માંગી કેળવણીના કાર્યને આગળ ધપાવાનુ કામ આગળ વધાર્યુ હતુ. જયારે તેમના કર ભલા હોગા ભલા ના સુત્રને સ્વીકારી સંસ્થા શૈક્ષણિક ક્ષેત્રે આગળ વધી રહી છે. સમાજમાં શિક્ષણના પાયાને મજબુત કરવાની સાથે કુરિવાજોને અટકાવવા માટે પણ છગનભાએ જનજાગૃતિ અભિયાન હાથ ધર્યુ હતુ.

આચાર્ય નાથાભાઈએ પણ મહત્વનુ યોગદાન પુરુ પાડયુ હતુ. દાતાઓએ પણ આ સંસ્થાને ખોબે દાન આપી ખુબ જ પ્રેમ કર્યો છે. જયારે કપરા સંજોગોમાં સંઘર્ષ કરીને શિક્ષણ ક્ષેત્રે આગળ વધતી સંસ્થાની યુનિવર્સિટીમાં હાલ ૫૨ હજાર વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. જયારે સરકારે પણ સરકારી શાળાને દત્તક આપી સંસ્થાની જવાબદારી વધારી છે. નવસારીમાં પણ આદિવાસી બાળકોને શિક્ષણ પુરુ પાડવાનુ કામ કડી સર્વ વિદ્યાલય દ્વારા કરવામાં આવે છે. આજના સ્કોલરશીપ સમારોહ દરમિયાન શેરા કંપની દ્વારા રૂ ૫ લાખ દરવર્ષે આપવાની જાહેરાત કરવામાં આવી હતી. સ્કોલરશીપ એનાયત કરવાના આ સમારોહમાં કેળવણી મંડળના પ્રમુખ ડો કનુભાઈ પટેલ, કેળવણી મંડળ કડીના પ્રમુખ રામભાઈ પટેલ, સંસ્થાના ડાયરેકટર ડી ટી કાપડીયા, દાતા વિષ્ણુભાઈ પટેલ, શેરા કંપનીના ચીફ ફાઈનાન્સર રાજેશભાઈ, નટુભાઈ પટેલ ,હિમાંશુ ખમાર, કીરીટ પટેલ, કૌશિક પટેલ, હસમુખ પટેલ, તારાબેન પટેલ, પ્રભાવતિબેન પટેલ, જયંતિ પટેલ, ચંદુભાઈ અંબાલાલ પટેલ, ઘનશ્યામભાઈ પટેલ,બાબુભાઈ પટેલ, નટુભાઈ બેંકર, અમૃતભાઈ પટેલ સહીતના દાતાઓ પણ હાજર રહયા હતા. કડી સર્વ વિદ્યાલયના રજીસ્ટ્રાર ડો એસ કે મંત્રાલા, પરીક્ષા નિયામક પી કે શાહ, કેયુર શાહ, વીણાબહેન પટેલ, કૌશલ્યાબેન પટેલ ડો ભાવિન પંડયા, ડો અજય ગૌર સહીત સંસ્થાના અગ્રણીઓએ હાજરી આપી હતી.

## જવાબ લખ્યા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે કેટલીક શાળામાં તો બાળકોએ ૩૦ મિનિટમાં પ્રશ્નપત્રના તમામ જવાબ ઓ.એમ.આર. શીટ્સમાં લખી નાખ્યા હતા.

તાલુકા પ્રા. શાસનાધિકારી સંજયભાઈ પરમારે પ્રથમ ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં આ અભિગમ અપનાવ્યો હતો. આ પછી બીજા કાર્યક્રમમાં ગાંધીનગર શહેરની શાળાઓ પણ જોડાઈ હતી. છેલ્લા બે વખતથી સમગ્ર જિલ્લાની શાળાઓ જોડાઈ રહી છે.

આજે સંજયભાઈ પરમારે છ જેટલી શાળાઓ તો પ્રા. શાસનાધિકારી રાઠોડે ૫ જેટલી શાળાઓની મુલાકાત લીધી હતી.

## તન દુરસ્તી

● ૪ પાનાનું ચાલુ...

જાય છે પણ મેલેરિયાના હોય પછી ડુંગર માંથી કયો ઉંદર નીકળશે તે માટે મહેનત જ કરવી રહી તાવમાં તો મેલીરીયા ન્યુમોનિયા,કમળો, ટાઈફોઈડ વાઈરલ ફીવર,ડેન્ગ્યુ, ચીકન ગુનિયા, બ્રુસેલોસીસથી માંડી આ ઉપરાંત બીજા ઘણા અને કમનસીબ હોય તો લોહીનું કેન્સર પણ લોહીના ટેસ્ટ માંથી સરળતાથી શોધી શકીએ છે. બીજા ઘણા તાવ ના કારનો હોય છે પણ સામાન્ય રીતે ૯૦ -૯૫ ટકા કેશમાં ઉપર બતાવેલા કારણો માંથી તાવ હોય છે

જેવાકે UTI (પેશાબમાં પરુ) લીવરમાં પરુ, કોઈ પણ અવયવ માં પરુ થતું હોય એના હિસાબે તાવ આવી શકે છે પણ આ બધામાં તમને સવાલ થશે કે તાવ એટલે શું અને તાવ કેમ આવે છે ?આનો જવાબ આપને આપવા પ્રયત્ન કરીએ તો શરીર માં જયારે કોઈ પણ બહારના જંતુ જે બેકટેરિયા હોય, વાયરસ હોય પ્રોટોસોબલ અથવા કે લોહીનું કેન્સર હોય એ શરીર માં આવે ત્યારે શરીર તેનો સામનો કરવા પ્રયત્ન કરે છે અને એ યુદ્ધ ની પરિસ્થિતિ માં આપના શરીર નું તાપમાન જે નોર્મલ હોય એના કરતા ઘણું વધી જાય કટો ઠંડી લાગે આમાંથી એક આપને ટાઈફોઈડ વિષે વાત કરીએ પહેલા દિવસે CBC,અને બીજા અન્ય રીપોર્ટ નોર્મળ આવે એટલે પહેલા દિવસે ત્રીજે દિવસે બધા રીપોર્ટ નોર્મલ અને સાતમાં દિવસે WIDAL નામનો ટેસ્ટ કરવાથી ખબર પડે કે ટાઈફોઈડ છે અભીશેળ ભાઈ બોલ્યા હદ કહેવાય ડોક્ટર હાથી બોલ્યા પણ હવે આમુક ચોક્કસ પ્રકારની લેબોરેટરીઓ તાવ ના પહેલા દિવસે બ્લડકલ્ચર અને TAYPHI FAST ELISA ટેસ્ટ કરતા હોય છેઆ ટેસ્ટ માં ટાઈફોઈડ છે કે નહિ એ પહેલા કે બીજા દિવસેજ ખબર પડી જાય છે,કોઈપણ દવા આપતા પહેલા BLOOD CULTURE કરવું જરૂરી છે તોજ તેનો રીપોર્ટ સાચો આવે અભિષેક ની આંખો માં ચમક આવી ડોક્ટર સાહેબ મારા બધા રીપોર્ટ નોર્મલ છે તો મને TAYPHI ફાસ્ટ અને BLOOD CULTURE આજેજ કરી આપો ડોક્ટર હાથી એ લેબોરેટરીમાં ફોન કરી આ બંને ટેસ્ટ કરાવ્યા થોડાજ કલાક માં TAYPHI FAST ELISA નો રીપોર્ટ પોસિટીવ આવ્યો અને અભિષેક નું નિદાન થયું ટાઈફોઈડ.

- sgpathlab@gmail.com